જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૩/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી:- સમાચાર યાદી નં.૫૪૪/૧૭

**ક્રાઇમબ્રાન્ચ :**

### શાહીબાગ વિસ્તારમાં આવેલ જૈન દેરાસરમાંથી ચોરી કરનાર આરોપીને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી ચોરીનો ભેદ ઉકેલતી સાયબર ક્રાઈમ સેલ,ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર

સંયુકત પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાંચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ. પી.એન.ઝીંઝુવાડીયા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો ધર્મેન્દ્રસિંહ તથા પો.કો. જગદીશકુમાર નાઓની બાતમી હકીકત આધારે આરોપી દિવ્યાંગ @ મોન્ટુ કમલેશભાઇ ઠાકોર ઉ.વ.૨૧રહેવાસી ભીલવાસ, રણછોડપુરા, રાધે ડેરીની અંદર, શાહીબાગ, અમદાવાદ શહેરનાને આજરોજ તા.૧૬/૦૩/૨૦૧૭ ના કલાક ૧૪/૦૦ વાગે સિવિલ હોસ્પિટલ રબારી ધર્મશાળા પાસેથી અલગ અલગ દરના ચલણી સિક્કા તથા શ્રી શાહીબાગ ગિરધરનગર જૈન સંઘ લખેલ પ્લાસ્ટીકના સિક્કા -૪ મળી કુલ્લે રૂ.૩૬૨૩/- ના મુદ્દામાલ સાથે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરેલ છે.

સદરી આરોપીની પુછપરછ કરતા આરોપીએ કબુલાત કરેલ છે કે, ગઇકાલના રોજ રાતના ચાર વાગે ગિરધરનગર ખાતે આવેલ જૈન દેરાસર ખાતેથી દાનપેટી તોડી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે અંગે શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ શાહીબાગ પો.સ્ટે.માં મારામારીના તથા ચોરીના ગુનાઓમાં પકડાયેલ હોવાનું જણાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "ક" ડીવીજન અમદાવાદ શહેર તેમજ પોલીસ ઇન્સપેક્ટરશ્રી કાગડાપીઠ પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.કે.ડાભી ACP "ક" ડીવીજન સ્કોડના માણસો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા પેટ્રોલીંગમા હતા અને ફરતા-ફરતા કલાક ૦૧/૦૦ વાગે. બહેરામપુરા જેઠાલાલની ચાલીના નાકે જાહેર રોડ ઉપર આવતા બહેરામપુરા જયગીરનારીની ચાલી ગરીબનગરના છાપરા દિનેશ ઉર્ફે રમેશ માવજીભાઇ પરમાર નાનો પોતાના કબજા ભોગવટાવાળા મકાનમા પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી નાળ ઉઘરાવી ગંજીપાનાનો તીન પત્તીનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમા પ્રવુતી ચાલુ છે જે મતલબની મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ક" ડીવીજન નાઓએ આપેલ માહીતી આધારે નીચે મુજબના આરોપીઓ

(૧) નામ દિનેશ ઉર્ફે રમેશ માવજીભાઇ પરમાર ઉ.વ-૩૨ રહે-જયગીરનારીની ચાલી ગરીબનગરના છાપરા બહેરામપુરા અમદાવાદ
(૨) ઉમરભાઇ મકસુદભાઇ પઠાણ ઉ.વ-૩૩ રહે-જેઠાલાલની ચાલી બહેરામપુરા અમાદવાદ શહેર
(૩) કમલેશ મગનભાઇ પરમાર ઉ.વ-૩૫ રહે-ગરીબનગરના છાપરા જયગીરનારીની ચાલી બહેરામપુરા અમદાવાદ શહેર
(૪) નાસીરભાઇ મુનીરભાઇ મીર ઉ.વ-૫૨ રહે-અલ્લાહનગર બાબુસિંહના છાપરા દાણીલીમડા અમદાવાદ શહેર
(૫) બાબુભાઇ હમીરભાઇ વિરાસ ઉ.વ-૩૪ રહે- ભીલવાસ શાહઆલમ ટોલનાક વાસુદેવધનજીની ચાલી અમદાવાદ શહેર
(૬) દશરથ શાંતીલાલ ગુજ્જર ઉ.વ-૪૮ રહે-જેઠાલાલની ચાલી બહેરામપુરા અમદાવાદ શહેર
(૭) મુળજીભાઇ ભીખાભાઇ રાવળ ઉ.વ-૨૭ રહે-રસુલ કડીયાની ચાલી સિરાજ પઠાણના ઘરની પાછળ મેલડીમાતાના મંદિર પાછળ બહેરામપુરા અમદાવાદ શહેર
(૮) પરેશ લાલજીભાઇ તડવી ઉ.વ-૨૦ રહે-મ.નં-૭૯૬ ઇન્દીરાનગર વિભાગ-૧ વાંભાગામ અમદાવાદ શહેર
(૯) નિશાંત અશોકભાઇ પરમાર ઉ.વ-૨૨ રહે-મ.નં-૯૪૪ રહે-ઇન્દીરાનગર વિભાગ-૧ વાંભાગામ અમદાવાદ
(૧૦) મહમંદહાફીજ મહમંદશફી મોગલ ઉ.વ-૩૭ રહે-મ.નં-૧૯૧ નગ્માનગર છીપા સોસાયટીની પાછળ દાણીલીમડા અમદાવાદ
(૧૧) બાબુભાઇ મધાભાઇ પરમાર ઉ.વ-૪૭ રહે-ગુલાબનબીની ચાલી અમુતનગર સોસાયટીની બાજુમા બહેરામપુરા અમદાવાદ શહેર

ઉપરોકત આરોપીઓને આરોપી નં-(૧) ના ઘરમા જુગાર રમી રમાડતા રોકડા નાણા રૂ-૨૬૦૩૦/- તથા મોબાઇલ ફોન નં-૮ કિ.રૂ-૨૧,૦૦૦/- તથા હોન્ડા સાઇન મો.સા નં-GJ-01-FZ-2949 કિ.રૂ-૪૦,૦૦૦/- ના મતાની મળી કુલ્લે રૂ-૮૭૦૩૦/- ના મુદામાલ સાથે પકડી ગણના પાત્ર જુગારનો કેસ શોધી કાગડાપીઠ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં-૩૦૪૬/૧૭ થી જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવી

<u>વટવા પોલીસ સ્ટેશન :</u>

મે. પોલીસ કમિશ્નરશ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૫૦/૨૦૧૭ તા.૧૫/૦૩/૨૦૧૭ પાસા અટકાયતી નામે શાહબાઝખાન દિલાવરખાન જાતે-બલોચ ઉવ.૨૦ રહે, અમ્મા મસ્જીદની સામે ના છાપરા બસીર કરીયાણા સ્ટોરની આગળ શાહઆલમ અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૬/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રીક્ષા ચોર ને જડપી પાડતી અમદાવાદ શહેર વટવા પોલીસ**

મે.પો.કમી.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી શ્રી જે ડીવીઝન સાહેબ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઈન્સપેક્ટરશ્રીના માર્ગદર્શન મુજબ વાહનચોરીના તેમજ મિલ્કત સંબધી ગુના શોધીકાઢવા તેમજ અટકાવવા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગ દરમ્યાન ગઇ તા.૧૬/૦૩/૧૭ ના રોજ મ.સ.ઇ મફતસિંહ ગફુરસિંહ તથા પોકો ઉપેન્દ્રસિહ દશરથસિહ બનં-૨૦૭૩ તથા પોકો હિતેશભાઈ નાગજીભાઈ બન-૦૪૬ તથા પોકો વિષ્ણુભાઈ બાબુભાઈ બનં-૨૫૫ નાઓ સાથે વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા જે દરમ્યાન કેનાલ રોડ સદાનીધાબી પાસે આવતા સાથેના પોકો ઉપેન્દ્રસિહ તથા પોકો હિતેશભાઈ નાઓએ સંયુકત બાતમી હકિક્ત આપેલ એક ઈસમ અલકુબા મસ્જીદની બાજુમા ચાની કિટલી ઉપર સી એન જી ઓટો રીક્ષા નં-જીજે-૨૭-ટી-૦૨૭૪ મા બેઠેલ છે અને જે સદરી ઈસમના કબ્જાની સી એન જી ઓટો રીક્ષા કોઈની પાસેથી છળકપટથી કે ચોરી કરી મેળવેલ હોઈ જે હકિકત આધારે સદરી રીક્ષા માલીકની પુછ-પરછ કરી સી એન જી ઓટો રીક્ષાની માલીકી બાબતે તપાસ કરવાની હોઈ જેથી બે પંચના માણસો સાથે સદરી જગ્યાએ જઈ જોતા અલ્કુબા મસ્જીદની બાજુમા જાહેર રોડ ઉપર સી એન જી ઓટો રીક્ષા નં-જીજે-૨૭-ટી-૦૨૭૪ ઓટો રીક્ષામા એક ઈસમ બેઠલ હોઈ જેને પકડી નામ સરનામુ પુછતા જેને પોતાનુ નામ યાસીન ઉસ્માનગની રંગરેજ ઉવ.૪૦ રહે, પ્લોટ નં.૮૪૮ જહાંગીરનગર આમેના મસ્જીદની સામે વટવા અ'વાદ નાનો હોવાનું જણાવેલ જેના કબ્જાની સી એન જી ઓટો રીક્ષા નં-જીજે-૨૭-ટી-૦૨૭૪ ની માલીકી બાબતે પુછતા ગલ્લા તલ્લા કરતો હોય અને માલીકીના કોઇ કાગળો પુરાવાઓ રજુ કરેલ નહી જેથી સદરી સી એન જી ઓટો રીક્ષા નં-જીજે-૨૭-ટી-૦૨૭૪ ની તપાસ કરતા એંજીન નં.૨૬૫૫૩ તથા ચેસીસ નં.૦૬૪૨૯ જેવો વંચાતો હોય સદરી રિક્ષા બાબતે તપાસ કરતા તા.૧૪/૦૩/૧૭ ના રોજ વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબથી ગુનો નોંધાયેલ હોય અને સદરી રિક્ષા આરોપી ચોરી કરી નંબર પ્લેટ બદલાવી ફેરવતો હકિક્ત સામે આવેલ જેનો અસલ નં. જીજે-૨૭-ટી-૪૬૦૯ નો હોય જેથી સદરી આરોપી પાસેથી ગુનાના કામે રિક્ષા કબજે કરી આરોપીને તા.૧૬/૦૩/૧૭ ના કલાક ૦૦/૩૦ વાગે પકડી અટક કરેલ અને સદરી વિરુધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**ખોખરા પોલીસ સ્ટેશન :**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓની દ્વારા આપવામાં આવેલ અમદાવાદ શહેર વિસ્તાર ના પોલીસ સ્ટેશનનોમાં પ્રોહીબીશન ના ગુન્હા સબબ આરોપીઓને શોધી કાઢી કાયદેસર ની કાર્યવાહી કરવા સારૂ આપેલ સુચના અનુસાર રાખવા આવેલ ઝુબેશ આધારે ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ જાદવ ના સીધા માર્ગદર્શન હેઠળ આરોપી સવિતાબેન વા/ઓ રાજુભાઈ દંતાણી રહે- ભગવાનદાસ ની ચાલી ભાઈપુરા ખોખરા અમદાવાદ નાની ગે.કા પ્રોહીબીશન ની પ્રવૃતિ વાળી જગ્યાએ રેડો કરી સફળ કેસો શોધી કાઢી તેના વિરૂધ્ધમાં મે પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ પાસા હુકમ ક્રમાંક:- પી.સી.બી/ડિટીએન/પાસા/૧૪૩/૧૭ તા-૧૩/૩/૧૭ ના આધારે ઝડપી પાડી રાજકોટ જેલ હવાલે કરવા કાર્યવાહી હાથ ધરેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## પ્રેસ નોટ

### શહેરકોટડા પોલીસ સ્ટેશન દ્વારા જુગારનો ગણનાપાત્ર (Quaity) કેસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, તથા નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી. ઝોન-3, નાઓની જરૂરી સુચના આધારે બળદેવ દેસાઇ મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી, "ડી" ડિવીઝન, અમદાવાદ શહેર નાઓ શહેરકોટડા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શહેરકોટડા પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી. એન.બી. સોલંકી તથા સ્ટાફના માણસો સાથે બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) ઉસ્માનગીરી દાઉદભાઇ મન્સુરી ઉ.વ.૬૫, રહે- એસ.એફ. -3, અતરવાલા કોમ્પલેક્ષ કાલુપુર ટાવર પાસે, કાલુપુર અમદાવાદ શહેર +3 =૪ નાઓએ તા.૧૫/03/૨૦૧૭ ના કલાક ૨૦/30 વાગે વોન્ટેડ આરોપી હેતાબસિંગ ચૌહાણ ના કબ્જા ભોગવટાના બંસીલાલની ચાલીમાં આવેલ બગીચાના છાપરાના મકાનમાં બોમ્બે વરલી મટકાના આંક ફરકાના પૈસાની હારજીતો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો (૧) મો.ફોન નંગ- ૨, કિ.રૂ. ૨000/- (૨) છાબલી નંગ – ૧, કિ.રૂ. 00/00 (3) સટ્ટાની સ્લીપો નંગ- ૧૧, કિ.રૂ.00/00 (૪) બોલપેન નંગ- ૫, કિ.રૂ. 00/00 (૫) લાકડા સાથેનુ ચાર્ટ નંગ- ૧, કિ.રૂ. 00/00 (૬) રોકડા રૂ. 3૪,૭૭0/- મળી કુલ્લે કિ.રૂ. 3૬,૭૭0/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી શહેરકોટડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. 30૪૬/૨૦૧૭ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અને આગળની વધુ તપાસ ચાલુ છે. તા.૧૬/03/૨૦૧૭

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

આજરોજ મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ સાહેબ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ અનુસંધાને મે સેકટર-૧ સાહેબ તથા ના પો કમી ઝોન-૨ સાહેબ તથા મદદનીશ પો કમી શ્રી એલ ડિવીજન સાહેબ ની સુચનાથી ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી ડી વી રાણા સાહેબ ના માર્ગદર્શન મ સ ઇ પ્રવિણસિહ બળવંતસિહ બન ૫૧૮૯ તથા સ્ટાફ ના માણસો એ સાથે ના પો કો મહંમદસાહીર શબ્બીરમીયા બન ૯૬૫૬ નાઓ ની બાતમી આધારે માધવપુરા પો સ્ટે ફ ગુ ર નં ૧૩૭/૨૦૧૨ ઇપીકો કલમ 3૬3,3૬૬ મુજબ ના ગુના ના કામે નાસતો ફરતો આરોપી મુજબીરરહેમાન ઉર્ફે મુજીબ સ/ઓ મુનાફભાઇ શેખ ઉવ 30 રહે હાલ મકાન નં ૪ રાજ રેસીડન્સી સાહેદાપાર્ક સોકુટ રીગરોડ કેનાલ પાસે અસલાલી જી અમદાવાદ નાને ઉપરોકત ગુના મા આજરોજ પકડી અટક કરવા મા આવેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સરદારનગર પોલીસ સ્ટેશન :

**સરદારનગર પોલીસ સ્ટેશન દ્વારા જુગારનો ગણનાપાત્ર કેશ**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સરદારનગર પોલીસ સ્ટેશનના સર્વેલંસ સ્કોડ પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા સર્વેલન્સ સ્કોડના માણસો બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) ભરત સ/ઓ વિજય કેશવમલ અડવાણી ઉ.વ ૨૨ રહે, મ.ન. ૧૬૮ જુના જી'વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ +૫=૬ નાઓ તા ૧૬/03/૨૦૧૭ ના કલાક ૨૧/00 વાગે સંતોષીનગરના છાપરામા નેપાળીની ચાલી કીટલી પાસે ઇલેક્સ્ટ્રીક લાઇટના અંજવાળા નીચે બેસી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમવાના સાધનો (૧) મોબાઇલ નગ ૫ કિ.રૂ ૫000/ તથા ગંજીપાના નંગ ૯૭ કિ.રૂ 00/00 તથા રોકડા રૂપીયા ૧૧૦૬૦ સાથે મળી કુલ્લે મુદામાલ કિ.રૂ ૧૬૦૬૦- ના સાથે મળી આવતા સરદારનગર પોસ્ટે નાઓએ જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)